# ૧૫મી વિધાનસભાના ચોથા સત્ર દરમિયાન બજેટ પર ચર્ચા માટેની કૃષિ અંગેની નોંધ

**માન. ધારાસભ્ય: શ્રી સુખાજી ઠાકોર, બહુચરાજી -૨૩ મત વિસ્તાર**

---

## કૃષિ યાંત્રિકરણ

**માન. અધ્યક્ષશ્રી,**

કૃષિમાં યાંત્રિકરણ એટલે ખેતીના વિવિધ કાર્યો આધુનિક ઓજારોની મદદથી, ઓછી મહેનતે, ઓછા ખર્ચે અને ઝડપથી જરૂરિયાતના સમયે સારી રીતે પૂર્ણ કરવા. કૃષિ યાંત્રિકરણમાં રાજય સરકારે કરેલ અભુતપુર્વ કામગીરીની વિગતો ગૃહના ધ્યાને લાવતા ખુબ જ આનંદ અને ગર્વની લાગણી અનુભવુ છું.

**માન. અધ્યક્ષશ્રી,**

આપણું ગુજરાત રાજય અન્ય ક્ષેત્રોની જેમ કૃષિ ક્ષેત્રે અગ્રેસર રહે અને દેશને એક નવીન રાહ ચિંધે તે માટે રાજય સરકારશ્રીએ કૃષિ યાંત્રીકરણને લગત તમામ વિષયોની અનોખી વ્યવસ્થા ઉભી કરેલ છે.

- રાજયના ખેડૂતો દ્વારા ખેતીમાં વધુ કૃષિ યાંત્રિકરણ અપનાવવાથી વિવિધ ખેતી કાર્યોમાં પડતી મુશ્કેલીઓ ઘટે; ખેતીના જુદા-જુદા ઈનપુટસનો આર્થિકક્ષમ ઉપયોગ; ખેતી માટે ઉપયોગી ઉપલબ્ધ કુદરતી સ્ત્રોતનો કાર્યક્ષમ ઉપયોગ અને ખેત ઉત્પાદકતામાં વધારો કરી શકે છે.
- કૃષિ યાંત્રિકરણથી પાક ઉત્પાદન કરવા માટેના વિવિધ તબક્કે કરવાના થતા ખેતીકાર્યોમાં શક્તિનો સંગ્રહ થાય છે.
- ખેતીમાં જે તે કાર્યો કરવા યોગ્ય કૃષિ યાંત્રિકરણ અપનાવવાથી ૧૦ થી ૧૫ ટકા ખેત ઉત્પાદન અને ઉત્પાદકતા; ૫ થી ૨૦ ટકા પાકની ઘનતા; ૧૫-૨૦ ટકા બિયારણની બચત; ૧૫-૨૦ ટકા ખાતરની બચત; ૨૦ થી ૩૦ ટકા સમય અને મજૂરીની બચત થાય છે.

- ► રાજયની યોજનાની શરૂઆતથી ૪૧ જેટલા ખેત ઓજારો/સાધનોનો યોજનામાં સમાવેશ હતો. જેમાં વર્ષ:૨૦૧૯-૨૦થી બીજા વધારાના ૬૯ જેટલા આધુનિક ખેત ઓજારો/સાધનો તેમજ ટ્રેકટરના હોર્સપાવર આધારીત વિવિધ મોડલ જેવા કે કંબાઈન હાર્વેસ્ટર, બેઈલર, ટ્રેકટર ઓપરેટેડ સ્પ્રેયર, મલ્ચર, પાવર હેરો વગેરેને યોજનામાં સમાવીને ખેડૂતોને લાભાન્વીત કરવાનો સંનિષ્ઠ પ્રયાસ હાથ ધરવામાં આવેલ છે. આમ, કૃષિ યાંત્રિકરણમાં જમીનની તૈયારીથી લઈ હાર્વેસ્ટીંગ, થ્રેસીંગ અને પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી, વેલ્યુ એડીશન કાર્યો માટે સુધારેલ અને આધુનિક ખેત ઓજાર/સાધનો અને ટ્રેક્ટરની ખરીદી માટે નાણાંકીય સહાય આપવામાં આવે છે.
- ► કૃષિ યાંત્રિકીકરણનો વ્યાપ વધારવા માટે છેલ્લા ૧૦ વર્ષમાં ૨.૬૦ લાખ જેટલા લાભાર્થી ખેડૂતોને ટ્રેકટર ખરીદી માટે રૂ.૧૨૨૮ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવેલ છે.
- ► ખેત ઓજારો/સાધનમાં વ્યક્તિગત સહાય આપવાની વિવિધ કૃષિ યાંત્રીકરણની યોજનાઓ હેઠળ છેલ્લા ૫ (પાંચ) વર્ષમાં ૧,૨૭,૬૩૫ જેટલા ખેડુતોને ટ્રેકટર સંચાલીત સાધનો માટે રૂ. ૪૬૭.૬૧ કરોડથી વધુની સહાય ચુકવવામાં આવેલ છે.
- ► એનાથી પણ એક ડગલું આગળ વધીને રાજયના ખેડૂતોને સારી ગુણવત્તાના તેમજ સમગ્ર રાજયમાં એક જ ભાવે ઓજારો સાધનો મળે તે માટે ખેત ઓજારો/ સાધનોના ઉત્પાદકો તથા તેમના સાધનોનું એમપેનલમેન્ટ કરવામાં આવે છે. આ બાબતે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ છે અને અન્ય રાજ્યો આ મોડલને અપનાવી રહ્યા છે.
- ► કૃષિ યાંત્રિકરણમાં રાજયએ સમગ્ર દેશમાં પ્રથમ આઈ.ટી.નો ઉપયોગ કરી ઈ-ગવર્નન્સ દ્વારા સહાયની પ્રક્રિયા પારદર્શક અને ઝડપી બનાવેલ છે.

- ખેડૂતોને કૃષિ ઓજારો/સાધનોની સહાય મળવાની પ્રક્રિયામાં પારદર્શકતા અને ઝડપ માટે ઈન્ફોરમેશન ટેકનોલોજીના ઉપયોગ થકી વર્ષ ૨૦૧૪-૧૫થી આઈ ખેડૂત પોર્ટલ બનાવી સમગ્ર પ્રક્રિયા ઓનલાઇન શરૂ કરેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

- ખેતી કાર્યો માટે મજુરોની અછતની પ્રવર્તમાન પરિસ્થિતિમાં ખેતી કાર્યો સમયસર અને ઝડપથી પુર્ણ કરવા ટ્રેક્ટર સૌથી મહત્વનું સાધન છે. વર્ષ:૨૦૧૧-૧૨ થી રાજ્ય સરકારશ્રીએ રાજયના બજેટમાંથી ટ્રેક્ટર ખરીદીમાં સહાય માટેની  યોજના અમલમાં મુકેલ. જેમાં ખેડૂતોની ભારે માંગને ધ્યાને લઈ ઉત્તરોત્તર બજેટ જોગવાઈમાં વધારો પણ કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

- ખેતીમાં  ખેડાણ, વાવણી, કાપણી  જેવા અગત્યના કાર્યો સમયસર, મહત્તમ ઉત્પાદકતા અને ગુણવત્તા સાથે પૂર્ણ કરવા કૃષિ યાંત્રિકરણ આજના સમયની તાતી જરૂરિયાત છે.
- રાજયમાં વિવિધ યોજનાઓ હેઠળ ખેડૂતોને ખતે ઓજાર/સાધનમાં મોટી સંખ્યામાં સહાય આપી કૃષિ યાંત્રિકરણનો મહત્તમ ઉપયોગ કરાવી અને ખેતીને વધુ નફાકારક બનાવવાનો અભિગમ અપનાવેલ છે.
- મને જણાવતા આનંદ થાય છે કે રાજય સરકારે ટ્રેક્ટર ઉપરાંત ખેતીના ઓજારો સાધનોમાં પણ સહાય આપવા માટે યોજનાઓ અમલમાં મુકેલ છે.
- આજના બદલાતા યુગમાં ખેતીમાં માનવ અને પશુ સંચાલિત સાધનોનું સ્થાન હવે આધુનિક યંત્રોએ લીધું છે. પરંતુ આ પ્રકારના ઓજારોની કિંમત વધારે હોવાથી રાજ્યની વિકાસશીલ સરકારે આ પ્રકારના ઓજારોની ખરીદીમાં તમામ વર્ગના ખેડૂતોને નાણાંકીય સહાય આપવા માટે વિવિધ યોજનાઓ અમલી બનાવેલ છે.

- ► રાજયની કૃષિ યાંત્રિકીકરણ (ટ્રેકટર સિવાય)ને વેગ આપવા માટે રાજય સરકારે વર્ષ ૨૦૧૬-૧૭ થી રાજયના બજેટમાં રાજય સરકારશ્રીની અલાયદી ખેત ઓજાર/સાધનોની સ્વતંત્ર યોજનાઓ પ્રથમવાર અમલમાં મુકવામાં આવેલ જેમાં રાજયમાં ખેત ઓજારો/ સાધનોમાં ખેડૂતોની ભારે માંગને ધ્યાને લઈ કૃષિ યાંત્રિકિકરણની વિવિધ યોજનાઓની બજેટ જોગવાઈમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવેલ છે.

**માનઅધ્યક્ષશ્રી,**

- ► સુધારેલ ખેત ઓજારોની કિંમત વધારે હોવાથી ઘણી વખત નાના અને સિંમાત ખેડૂતો વ્યક્તિગત ખરીદી કરી સદર સાધનો વસાવી શકતા નથી, તેથી આવી અદ્યતન ટેકનોલોજીના ઓજારો/સાધનો તેવા ખેડૂતોને ઓછા ભાડાથી ઉપલબ્ધ થાય તે માટે એગ્રો સર્વિસ પ્રોવાઇડર યોજના વર્ષ:૨૦૧૧-૧૨થી અમલમાં મુકવામાં આવેલ છે.
- ► રાજયના અનુસુચિત જાતિ-જનજાતિ તથા નાના અને સિમાંત ખેડુતો કૃષિ યાંત્રિકરણ માટે મુડી રોકાણ કરી શકતા નથી અને મોટા ખેડુતો દ્વારા વધુ નફા સાથે ઉકત વર્ગના ખેડુતો પાસેથી ભાડા મેળવીને ફાર્મ મશીનરીથી કામ કરી આપે, જેથી આવા ખેડુતોને સરેરાશ ખેતી ખર્ચ વધુ આવે છે. તદ્ઉપરાંત આધુનિક અને મોટા કૃષિ ઓજાર/સાધનો વ્યકિતગત વસાવીને ઉપયોગ નહીવત થાય છે, તેથી રાજ્યમાં દરેક વર્ગના ખેડુતો કૃષિ યાંત્રિકરણનો મહત્તમ ઉપયોગ કરી શકે તથા રાજયના ખેડુતો આધુનિક અને મોટા કૃષિ યંત્રનો ઉપયોગ કરી ખેતી વધુ નફાકારક બનાવી શકે તે હેતુથી ટ્રેકટર તેમજ તેનાથી સંચાલીત સાધનોનો સેટ વસાવવા ખેડુતો/ ખેડુત સંસ્થાઓને સામાન્ય કેટેગરી માટે પાંચ વર્ષના તબક્કામાં મશીનરી ખર્ચના ૭૫% સહાય આપવામાં આવે છે અને અનુસુચિત જાતિ-જનજાતિની કેટેગરી માટે પાંચ વર્ષના તબક્કામાં મશીનરી ખર્ચના ૮૫% જેટલી માતબર સહાય આપવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી**

► કૃષિ યાંત્રિકરણથી એક ડગલુ આગળ વધીને રાજ્યના ખેડુતોને " પોસ્ટ હાર્વેસ્ટીંગ ટેકનોલોજી અને મેનેજમેન્ટ" કોન્સેપ્ટ તરફ વાળીને કૃષિને સફળ કરવા માટે ગ્રામ્ય કક્ષાથી તાલુકાકક્ષા સુધી દરેક વર્ગનો ખેડૂત/ખેડુત સંસ્થાઓને કઠોળ; તેલીબીયા; મરીમસાલા પાકનું મૂલ્યવર્ધન કરવાની તક મળે, ગ્રામ્યકક્ષાએ રોજગારીની તકો ઉભી થાય એટલે પાક મૂલ્યવર્ધન યુનિટ સ્થાપવા માટેની યોજના રાજય સરકારશ્રી દ્વારા વર્ષ:૨૦૧૭-૧૮થી અમલમાં મુકેલ છે. આ યોજના હેઠળ સહાયનું ધોરણ પ્રોજેકટ બેઈઝ પ્રોસેસીંગ યુનિટમાં ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૧૦.૦૦ લાખ બે માંથી જે ઓછુ હોય તે સહાય બેન્ક એન્ડેડ સહાય આપવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

► રાજ્યના ખેડુતોને કૃષિ પેદાશોના સારા ઉત્પાદન મળવા છતાં કમોસમી વરસાદ, વાવાઝોડુ, અતિવૃષ્ટી તેમજ અન્ય પરીબળો અને જીવજંતુના ઉપદ્રવથી ઉત્પાદનની ગુણવત્તા પર અસર થાય છે તેમજ લાંબા સમય સુધી સંગ્રહ/સ્ટોરેજ માટેની કોઇ યોગ્ય વ્યવસ્થા ન હોવાના લીધે બગાડ થાય છે અને ખેડુતોને આર્થિક નુકશાન થાય છે. તેથી આ ખેતપેદાશો બચાવવા માટે રાજ્યના ખેડૂતોને સંગ્રહ સ્થાનની સગવડ પુરી પાડીને કૃષિ પાકના ઉત્પાદનને લાંબા સમય સુધી સુરક્ષિત રાખી શકે અને સ્ટોરેજ વ્યવસ્થા ઉભી થવાથી ખેડૂતો ધ્વારા ઉત્પાદિત કૃષિ પેદાશોની ગુણવત્તા જળવાઇ રહે તેમજ યોગ્ય સમયે વેચાણ કરી આર્થિક ફાયદો મેળવી શકે તે હેતુથી કૃષિ પેદાશોનુ ઉત્પાદન કરતા ખેડુતોને પોતાના ખેતર પર સ્ટોરેજ સ્ટ્રક્ચર બનાવવા પ્રોત્સાહન પુરુ પાડવા રાજ્ય સરકારશ્રી દ્વારા સને ૨૦૨૧-૨૨ થી મુખ્ય મંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અમલમાં છે.

**માન. અધ્યક્ષશ્રી,**

- રાજ્યના ખેડૂતોને કૃષિ યાંત્રિકીકરણ, ઇનપુટ સહાય વગેરે જેવી યોજનાઓ મારફત ખેડૂતોને સહાય આપવામાં આવે છે. કૃષિ ઉત્પાદન પરિવહન વાહન માટે " મિડિયમ સાઈઝના ગુડઝ કેરેઝ" વાહનની ખરીદી માટે સહાય આપવાની કોઈપણ યોજના કૃષિ ખાતા હેઠળ કાર્યરત ન હતી, તેથી સને ૨૦૨૦-૨૧ થી કૃષિ ઉત્પાદન પરિવહન માટે ખેડૂતોને સહાય મળી રહે તે માટે કિસાન પરિવહન યોજના સરકારશ્રી દ્વારા અમલમાં લાવેલ છે.
  - નાના/સીમાંત/મહિલા/અનુ. જાતિ/અનુ. જનજાતિના ખેડૂતોને કુલ ખર્ચના ૩૫% અથવા રૂ. ૭૫,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે
  - સામાન્ય/અન્ય ખેડૂતોને કુલ ખર્ચના ૨૫% અથવા રૂ. ૫૦,૦૦૦/- બે માંથી જે ઓછુ હોય તે

**માન. અધ્યક્ષશ્રી,**

- રાજયના ખેડૂતો ખેતીકાર્યો માટે અધ્યતન મશીનરીનો ઉપયોગ કરતા થાય તે માટે કૃષિ યાંત્રિકરણને ખાસ પ્રાધાન્ય આપવામાં આવેલ છે. ખેતીકાર્યો માટે મજુરોની અછતની પ્રવર્તમાન પરિસ્થિતિમાં, ઓછી મહેનતે, ઓછા ખર્ચે, જરૂરિયાતના સમયે ઝડપથી પૂર્ણ કરવા અતિમહત્વના ખેત ઓજારોમા " સનેડો" મહત્વનું સાધન છે.
- "સનેડો" એ કૃષિ સાધનનું સ્થાનિક નામ છે આ સાધનમાં ૭ થી ૧૦ હોર્સ પાવરના વિવિધ એન્જીનનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં ગીયરબોક્ષ તથા હાઈડ્રોલીક સીસ્ટમ વગેરેનો ઉપયોગ કરી ૩ અથવા ૪ ટાયરવાળુ સાધન ઉત્પાદકો દ્વારા બનાવવામાં આવે છે . આ સાધનનો ઉપયોગ વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે વાવણી માટે જમીન તૈયાર કરવા, આંતરખેડ માટે, વાવણી કરવા, દવા છાંટવા તથા ભાર વહન માટે ઉપયોગ કરવામાં આવે છે
- જે માટે ચાલુ વર્ષથી કુલ ખર્ચના ૨૫% અથવા રૂ.૨૫,૦૦૦/-(પચીસ હજાર) બે માંથી જે ઓછુ હોય તે સહાય આપવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

- રાજ્યના કૃષિ ક્ષેત્રમાં કુદરતી સંસાધનોના ટકાઉ વ્યવસ્થાપનનો અભિગમ સિદ્ધ કરવાના ભાગ રૂપે તેમજ સિંચાઇના પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરીને ખેત ઉત્પાદન મેળવવાના પરિણામલક્ષી ઉદ્દેશ સાથે સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિને પ્રોત્સાહિત કરી આજીવિકામાં સુધારો લાવવો.
- સરકારશ્રીના પાણીના બચત અંગેના અભિગમ સહ વર્ષ ૨૦૦૫ પહેલા વિવિધ વર્કપ્લાન યોજનાઓ હેઠળ ખેડૂતોને સહાય ચૂકવવામાં આવતી હતી જેમાં સુક્ષ્મ પિયત પધ્ધિત અપનાવવા માટે ખેડૂતોએ અલગ અલગ કંપનીનો સંપર્ક કરવો પડતો હતો અને સહાય ધોરણો પણ જુદા જુદા હતા. તેમજ આ ઇંસ્ટોલેશન કરતી કંપનીના કોઇ એક સમાન ભાવો પણ ન હતા કે કોઇ સરળ અમલીકરણ પધ્ધતિ ન હતી.
- વર્ષ ૨૦૦૫ થી ગુજરાત સરકારશ્રી દ્વારા સૂક્ષ્મ સિંચાઇ યોજનાનું અમલીકરણ કરવા સ્પેસીયલ પર્પસ વેહીકલ તરીકે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની-(જીજીઆરસી)વડોદરાની સ્થાપના કરવામાં આવેલ હતી, જે ખેડૂતો માટે અરજી કરવાથી માંડીને ખેતર સુધી ઇનસ્ટોલ થાય ત્યાં સુધીની સરળ પ્રક્રિયા ઉભી કરી. જેમાં ખેડૂતે ઘેર બેઠા પોતાની મનપસંદ કંપની પાસેથી આ કામગીરી કરાવી શકે છે. જેમાં ભાવ પણ એક સમાન રહે છે અને સહાય એટ સોર્સ ચૂકવવાથી ખેડૂતે બધી મોટી રકમનું રોકાણ પણ કરવું પડતું નથી.
- માન.વડાપ્રાધાનશ્રીના " પર ડ્રોપ મોર ક્રોપ " સ્લોગનને ચરિતાર્થ કરવા ભારત સરકારશ્રી દ્વારા અન્ય વિભાગો સાથે સંકલિત બનાવેલ યોજના પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇ યોજના કે જે ૬૦:૪૦ના ફંડીંગ રેશિયા મુજબ ૨૦૧૫-૧૬ થી શરૂ થયેલ છે, તેનો અમલ પણ ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૧૫-૧૬ થી કરવામાં આવી રહેલ છે. જેમાં પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ નિયત થયેલ સહાય ધોરણો ૪૫ થી ૫૫ ટકા ઉપરાંત રાજ્ય સરકારશ્રી દ્વારા વધારાની ટોપ

અપ સબસીડી ૧૫% થી ૩૫ % સુધી ઉમેરીને કુલ ૭૦% થી ૯૦% સુધી આપવામાં આવે છે.